# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**

**વર્ષ : ૨૦** **અંક : ૨૪૦**



પ્રમુખ
**સુશીલ ધીરજલાલ કાપડિયા**
મો. ૯૩૯૩૩ ૧૯૩૩૩

માનદ્ મંત્રી
**પ્રેમચંદ કેશવજી છેડા**
મો. ૯૩૪૬૦ ૫૪૬૬૦

સંપાદિકા
**દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક
**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઈડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોન: ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪૨૩૮૩
**email : hydkmm@gmail.com**
**Web : www.kutchibhavanhyd.org**



મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-



"નિયાંપો" માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.




## પ્રમુખશ્રીનો સંદેશ

**સુશીલ ધીરજલાલ કાપડિયા**

જય જીનેન્દ્ર,

સાદર પ્રણામ

આગલો નિયાપો બહાર પડશે એ પહેલાં કચ્છી નવું વર્ષ આવી જશે એટલે આપ સૌને મારા તરફથી અને મારી કમીટીનાં મેમ્બરો તરફથી નૂતન વર્ષની શુભેચ્છાઓ...

આપ સૌએ મારામાં વિશ્વાસ રાખીને આપણા સમાજના સર્વોચ્ચ સ્થાને સ્થાપિત કર્યો છે એ માટે હું આપ સૌનો અંતઃકરણથી આભારી છું.

મારા દાદાશ્રી અને પિતાશ્રીની નજર હેઠળ મેં સમાજની કાર્યપદ્ધતી શીખી છે. એમનાં અનુભવોનું મેં નિરિક્ષણ કર્યું છે. પ્રશિક્ષણ મળ્યું છે મને વિશ્વાસ છે કે આપણા સમાજ માટે હું કંઈક સજ્જડ કાર્ય કરી શકીશ. એ માટે મને આપ સૌના સાથ સહકારની જરૂર છે અને અપેક્ષા પણ છે. મારા સહકાર્યકર્તાઓ પણ અનુભવી છે. ખંતીલા છે જોશીલા છે. અમે સાથે મળીને આપણા સમાજનાં સારા કાર્યો અને નવાં કાર્યક્રમોને અનુકરણીય બનાવશું.

આપણા સમાજનો યુવા વર્ગ સ્કૂલ કોલેજોમાં પ્રવેશ પામવા બીઝી હશે, જેઓ ઉત્તીર્ણ થઈ ગયા એમને અમારા અભિનંદન અને જેઓ થોડા નિરાશ થયાં છે એમને કહીશ.

**GOOD BETTER BEST NEVER LET IT REST TILL GOOD IS BETTER & BETTER BEST**

તો ચાલો લાગી જાવ કામે, પરિશ્રમ કરો અને આગલા વર્ષે ફતેહ કરો.

સૌને મારી શુભેચ્છા...

**હવે આપ વેબ સાઈટ ઉપર "નિયાંપો" વાંચી શકો છો**
**www.kutchibhavanhyd.org.**
**http://www.asanjokutch.com**



# માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

પ્રેમચંદ કેશવજી છેડા

- ❊ મંડળનાં સર્વે સભ્યો તથા આપના પરિવારજનોને કચ્છી નવા વર્ષ (અષાઢી બીજ)નાં ખૂબ-ખૂબ અભિનંદન.
- ❊ કારોબારી સમિતિના નવા ચુંટાએલા સભ્યોની એક સભા તા. ૨૫-૬-૨૦૧૫ ના શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવી હતી, જેમાં હોદ્દેદ્દારોની નીમણુક કરવામાં આવી, સર્વે હોદ્દેદ્દારોને ખૂબ-ખૂબ અભિનંદન. માનદ્મંત્રીની જવાબદારી મને સોપવામાં આવેલ છે. આપ સર્વેનાં સાથ અને સહકારથી આ જવાબદારી સફળતા પૂર્વક સંભાળવા પ્રયત્નશીલ રહીશ, મારી સાથે સહમંત્રી તરીકે શ્રી દીનેશ કલ્યાણજી ગોસર જોડાયા છે એમનો પૂર્ણ સહયોગ મળતો રહેશે એવો વિશ્વાસ છે.
- ❊ તા. ૨૧-૬-૨૦૧૫ નાં ૪૩ મી વાર્ષિક સામાન્ય સભા કચ્છી ભવનમાં યોજવામાં આવી હતી. સભામાં પહેલી વાર રેકોર્ડ બ્રેક લગભગ ૧૧૪૦ સભ્યોની હાજરી રહી હતી, ચુંટણી માટે ઉભેલા ૨૭ ઉમેદવારોમાંથી ૧૫ કારોબારી સભ્યો ચુંટાઈ આવ્યા હતા. ચુંટણીનું સંચાલન ખૂબજ શાંતીપૂર્વક રહ્યો હતો. ચુંટણી અધિકારી શ્રી વસંત ઉમરશીં વોરા અને એમનાં સાથી કાર્યાકરોનો ખૂબ-ખૂબ આભાર, નવાં ચુંટાઈ આવેલ કારોબારી સભ્યોને અભિનંદન.
- ❊ તા. ૧-૭-૨૦૧૫ ના સંયુક્ત સભા શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવી હતી જેમાં ત્રણ કો-ઓપ્ટ સભ્યોની તેમજ વિવિધ સમિતિઓનાં સંચાલકોની વરણી કરવામાં આવેલ.



# સંપાદકીય

સંપાદિકા : **દર્શના દિનેશ દેઢિયા**
સહ સંપાદક : **રમેશ મણીલાલ શાહ**

નિયાપોના વાચક વર્ગ તથા મંડળના સૌ પરિવારજનોને અષાઢી બીજથી શરૂ થતા કચ્છી નવ વર્ષ માટે ખૂબ ખૂબ શુભેચ્છા.

ગત મહિને મંડળની ચુંટણી થઈ અને આવતા બે વર્ષ માટે કારોબારી સમિતિ માટેની ટીમ ચુંટાઈ આવેલ છે. નવા ચુંટાએલ સભ્યોને તથા પદાધીકારીઓને સંપાદકીય મંડળ વતી અભિનંદન તેમજ શુભેચ્છા.

સાલ ૨૦૧૧-૧૨માં દેશનું એક ખાસ Socio Economic Caste Census- સામાજીક-આર્થિક તેમજ જ્ઞાતિનું સર્વેક્ષણ કરાવવામાં આવેલ. મુખ્યત્વે ગ્રામિણ ક્ષેત્રના આંકડાઓ જોઈને સરકારને આંચકો લાગેલ છે. અડધાથી વધારે દેશનો ગ્રામિણ વિસ્તાર ગરીબીમાં રહે છે. ૯૨ ટકા ગ્રામિણ કુટુંબોની મહિનાની આવક રૂા. ૧૦,૦૦૦/- થી પણ ઓછી છે, ૩૦ટકા ગ્રામિણ કુટુંબો પાસે કોઈ ખેતીની જમીન નથી અને તે ખેત મજાુરી અથવા અન્ય મજાુરી કરીને જીવન નભાવે છે. દેશને સ્વતંત્ર થયા પછી અબજો રૂપિયા ગ્રામિણ વિકાસ માટે ખર્ચાયા હોવા છતાં ગામડાઓમાં એક કુટુંબની વાર્ષિક આવક શહેરી પ્રજાની સરખામણીમાં એક દિવસની શોપીંગ કરીએ તેથી પણ ઓછી છે. આપણા દેશનો ખરેખરો વિકાસ ત્યારેજ કહેવાય જ્યારે ગ્રામિણ પ્રજા પણ આર્થિક રીતે, સધ્ધર થાય. ફરી ૨ વર્ષ માટે અમોને નિયાપોના સંપાદક તરીકે નિમણુક કરવામાં આવેલ છે. તે માટે કારોબારી સમિતિનો આભાર.

**સુચના : નિયાપોમાં છાપવા માટે જે કોઈ પણ મેટર આપ મોકલાવો વિવિધા માટે લેખો, કવિતા, જીવન ચક્રમાં આવતી નોંધ, જાહેર ખબરો, રિપોર્ટ સર્વે નીચે મોકલાનારનું નામ, સહી, ફોન નંબર સાથે મોકલવા જરૂરી છે.**

# SHRI KUTCHI MITRA MANDAL - HYDERABAD

## For the year 2015-2017 Working Committee

| | | | | |
|---|---|---|---|---|
| President | : | Sushil Dhirajlal Kapadia | Patri | 93933 19333 |
| Vice-President | : | Sureshchand Hirji Gosar | Sabhrai | 93910 07391 |
| Hon. Secretary | : | Premchand Keshavji Chheda | Godhra | 93460 54660 |
| Jt. Secretary | : | Dinesh Kalyanji Gosar | Vidh | 98480 99011 |
| Treasurer | : | Rajiv Khimji Mamnia | Merau | 98850 33050 |
| Jt. Treasurer | : | Jayant Khimji Gada | Sabhrai | 92468 20909 |
| Committee Members | : | Hemang Manikant Momaya | Varadiya | 98851 01010 |
| | | Kirti Kumar Tokarshi Kapadia | Patri | 93910 12969 |
| | | Manilal Ramji Dharod | Patri | 93910 02669 |
| | | Pankaj Hirji Savla | Beraja | 98497 47625 |
| | | Vasanti Arvind Shah | Navinar | 98495 47543 |
| | | Pratap Jilubha Jadeja | Samaghogha | 99599 44822 |
| | | Darshana Dinesh Dedhia | Bhujpur | 81064 07191 |
| | | Dirgesh Hirji Nishar | Vadala | 93933 79797 |
| | | Sanjay Nanji Gala | Lakhapur | 95027 33344 |
| Co-opt Members | : | Keshavji Premji Chheda | Layja Mota | 93910 29266 |
| | | Laherchand Tokarshi Lodaya | Rapar Gadhvari | 92465 31066 |
| | | Darshana Pankit Savla | Bhinsara | 90327 67111 |
| | | Nishit Ketan Malde | Luni | 95057 57342 |
| Managing Trustee | : | Dhanji Lakhamshi Savla | Navavas | 93910 52803 |
| Trust Board Rep | : | Harilal Bhimshi Savla | Samaghogha | 98496 38600 |
| | | Talakshi Bhanji Gada | Lathedi | 90522 88125 |

## Trust Board

| | | | | |
|---|---|---|---|---|
| Managing Trustee | : | Sri Dhanji Lakhamshi Savla | Navavas | 93910 52803 |
| Donor Trustee | : | Sri Damji Jivraj Nagda | Varandi Moti | 98490 99966 |
| | | Sri Nitin Shivji Dharod | Patri | 93910 65032 |
| | | Sri Vijay Damji Nagda | Varandi Moti | 98490 24422 |
| | | Smt Nishaben Nitin Dharod | Patri | 93910 06503 |
| | | Sri Kirtikumar Tokarshi Kapadia | Patri | 93910 12969 |
| | | Sri Sureshchandra Hirji Gosar | Sabhrai | 93910 07391 |
| | | Sri Sushil Dhirajlal Kapadia | Patri | 93933 19333 |
| | | Sri Popatlal Bhanji Gada | Lathedi | 98483 87854 |

(Contd... next page)

| | | | | |
|---|---|---|---|---|
| Donor Trustee | : | Smt Leelamben Dhirajlal Kapadia | Patri | 90149 19333 |
| | | Sri Harilal Velji Nishar | Wadala | 94401 91099 |
| | | Sri Shashikant Damji Nagda | Varandi Moti | 98855 99998 |
| | | Sri Hemang Manikant Momaya | Varadia | 98851 01010 |
| | | Sri Shantilal Khimji Mamania | Merau | 98490 33050 |
| | | Sri Praful Ratanshi Gogri | Nangalpar | 98490 45205 |
| | | Sri Amritlal Bhanji Nishar | Vadala | 93475 55574 |

## For the year 2013-2017

| | | | | |
|---|---|---|---|---|
| Elected Trustee | : | Sri Harilal Bhimshi Savla | Samaghoga | 98496 38600 |
| | | Sri Talakshi Bhanji Gada | Lathedi | 90522 88125 |
| | | Sri Arvind Keshavji Chheda | Godhra | 93910 07277 |
| | | Sri Vijayaben Kirti Kapadia | Patri | 93463 61458 |
| | | Sri Shantilal Valji Maru | Bhojay | 94406 07290 |

## 2015 - 2017 SAMITI - SANCHALAK

| Samiti Name | | Sanchalak | Village | Mobile No. |
|---|---|---|---|---|
| Avaas Grah | : | Sri Keshavji Premji Chheda | Layjamota | 93910 29266 |
| Bhavan Maintenance | : | Sri Manilal Ramji Dharod | Patri | 93910 02669 |
| Book Bank | : | Sri Mihir Arvind Chheda | Godhra | 98490 15660 |
| Health Care | : | Sri Dirgesh Hirji Nishar | Vadala | 93933 79797 |
| Mahila | : | Smt. Darshana Pankit Savla | Bhinsara | 90327 67111 |
| Manav Mitra | : | Sri Harilal Bhimshi Savla | Samaghogha | 98496 38600 |
| Manoranjan | : | Sri Pratap Jilubha Jadeja | Samaghogha | 99599 44822 |
| Membership | : | Sri Laherchand Tokarshi Lodaya | Rapar Gadhvari | 92465 31066 |
| Minority | : | Sri Pankaj Vallabhji Savla | Navavas | 93945 53154 |
| Paryushan Utsav | : | Sri Hemang Manikant Momaya | Varadita | 98851 01010 |
| Prakashan | : | Smt. Darshana Dinesh Dedhia | Bhujpur | 81064 07191 |
| Ramat Gamat | : | Sri Manthan Devchand Gangar | Merau | 98493 19090 |
| Sadhan Samagri | : | Sri Sundarji Ratanshi Nagda | Sanosara | 94918 79700 |
| Shanti Primary School | : | Sri Hemang Manikant Momaya | Varadiya | 98851 01010 |
| Shantivan | : | Sri Hanskumar Raychand Sayla | Suthri | 92465 32545 |
| Shikshan | : | Smt. Vasanti Arvind Shah | Navinar | 98495 47543 |
| Skill Development | : | Sri Bharat Maganlal Dharod | Patri | 98490 03047 |
| SMS Service | : | Sri Pankaj Hirji Savla | Beraja | 98497 47625 |
| Webiste | : | Sri Tejas Devchand Gangar | Merau | 90007 70777 |
| Yuva | : | Sri Nishit Ketan Malde | Luni | 95057 57342 |

# મનોરંજન સમિતિ

સંચાલક : પ્રતાપ જાડેજા
૯૯૫૯૯ ૪૪૮૨૨

## કચ્છી નૂતન વર્ષ અષાઢી બીજ નિમિત્તે પ્રસ્તુત કચ્છી અસ્મિતાનું ગૌરવ

# કચ્છી મેળો



ગજણ ગજે ને મોરલા બોલે, મથે ચમકેતી વીજ...
હલો પાંજે કચ્છડે મે, આવઈ અષાઢી બીજ
મેઠો અસાંજો કચ્છ, મેઠા અસાંજા માડુ...
મેઠી અસાંજી ગાલીયું ને મેઠી અસાંજી અષાઢી બીજ.

**તો ચાલો માણીએ... મનાવીએ...અષાઢી બીજ**

**શુભ દિન : રવિવાર તા. ૧૯-૭-૨૦૧૫,**
**સ્થળ : કચ્છી ભવન, રામકોટ, હૈદ્રાબાદ**
**સમય : સાંજના ૫.૦૦ વાગ્યાથી...**

**ધીંગી ધરાજા ધીંગા કચ્છી કલાકાર દ્વારા પ્રસ્તુતિ સાથે આનંદ મેળો અને વિવિધ મનોરંજન પ્રવૃત્તિઓ.... ખાયું - પીયું - હલુ ને મલુ...**

માતૃભૂમિ કર્મભૂમિનો સમન્વય સમાન બધીજ વાનગીઓનો રસાસ્વાદ કરાવનાર

**પાંજા - પંઢજા કચ્છી દિલાવર દાતાઓ....**

| | |
|---|---|
| 1) Smt. Kasturben Dhanji Savla | શ્રી ધનજી લખમશી સાવલા |
| 2) Hotel Tourist Plaza | શ્રી પ્રતાપ જીલુભા જાડેજા |
| 3) Hotel D & J Grande | શ્રી સુશીલ ધીરજલાલ કાપડિયા |
| 4) Shree Shanti Selection | શ્રી સુરેશચંદ હીરજી ગોસર |
| 5) Shree Kesar Trading Co. | શ્રી જયંત ખીમજી ગડા |
| 6) Paras Agencies | શ્રી અરવિંદ કેશવજી છેડા |
| 7) M.H. Enterprises | શ્રી મનોજ હંસરાજ નાગડા |
| 8) Shree Shanti Stores | શ્રી તલકશી ભાણજી ગડા |
| 9) Sandeep Pen Mart | શ્રી સુભાષચંદ કસ્તુરચંદ ખંડોર |
| 10) Sri Shantinath Granites | શ્રી કેશવજી પ્રેમજી છેડા |
| 11) Shah Lalji Parbat | શ્રી ધનપત લાલજી મોતા |
| 12) Guna Sunder Gruh Udyog | શ્રી સુંદરજી રતનશી નાગડા |
| 13) Nag Brand Spices | શ્રી રમણીકલાલ લીલાધર નાગડા |

**સોને પધારવા ભાવભર્યું આમંત્રણ...**

# મોતા પરિવારનું ગૌરવ

## અભિનંદન



## ચિ. શ્રધ્ધા સમેશ મોતા

કરીશ્મા સમેશ મોતાની લાડકી દિકરી શ્રધ્ધા, SSC માં GPA 92% મેળવી અમારા પરિવારનું ગૌરવ વધાર્યુ છે. અને આ અનેરી સિધ્ધિ બદલ અભિનંદન તથા ઉજ્વલ ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છાઓ સાથે...

શુભેચ્છક

**માતૃશ્રી મણીબેન લક્ષ્મીચંદ મોતા પરિવાર**

**SHRADHA ENTERPRISES**

**AMAR CORPORATIONS**

**(Johnson & Johnson Distributor)**

**Chikkadpally, Hyderabad - 500 020**

**Ph : 93462 34849, 92909 00557**

(જા.ખ.)

## SIKSHAN SAMITI

Sanchalak : **MRS. VASANTI A. SHAH**
**Cell No : 98495 47543**

**"Achievements, along with a right mix of human qualities through education, Can make a society we all dream of living in."**

It is a great pleasure to be back as sanchalak for Sikshan Samithi.

Educational aid applications have been scrutinized and cheques issued.

Student honouring programme will be announced shortly. Please submit your marks memo along with applicaiton form at the earliest.

Your suggestions regarding present activities and future programmes are welcome. If any person is interested in Joining our team, please contact personally or on mail ID : vasantishah1958@gmail.com

## બુક બેંક સમિતિ

સંચાલક : **મિહીર અરવિંદ છેડા**
**૯૮૪૯૦ ૧૫૬૬૦**

કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓમાટે બુક બેન્ક સમિતિની અગત્યની જાહેરાત. જે સભ્યોનાં બાળકો કોલેજમાં ભણતા હોય તેમણે વેચાતી લીધેલ પુસ્તકો ઉપર ૪૦ ટકા જેટલી રકમ સમાજવતી ડિસ્કાઉન્ટ રૂપે આપવામાં આવશે. આ માટે પુસ્તક વિક્રેતા પાસેથી બની શકે તેટલુ ડિસ્કાઉન્ટ બીલમાં મેળવવાનું રહેશે. ઓરિજિનલ બીલ ઉપર સંચાલકની સંમતી મેળવી કચ્છી ભવનનાં કાર્યાલયમાંથી મેળવી શકાશે. આ યોજનાં ફક્ત મંડળનાં સભ્યો અને પરિવારજનો માટે છે વધુ માહિતી માટે સંચાલકનો સંપર્ક કરવો.

**AVAIL 40% REIMBURSEMENT ON COLLEGE BOOKS :** Membersof samaj whose children are studying in college can avail 40% reimbursement for the books they purchase for their study. You have to get a bill copy for books purchased, try to avail maximum discount from book seller, mention in bill and get 40% reimbursement from Kutchi Mitra Mandal with approval of Sanchalak.


**TUITIONS FOR LKG TO X CLASS STUDENTS**

at Flat No. 3C, Kanaka Durga Apartment, Lane Beside Venkataramana Theatre, Near Jain Temple, Kachiguda, Hyderabad-500 027.

**તમારા બાળકોના ઉજ્વલ ભવિષ્ય માટે સંપર્ક**

**TORAL RIDESH JAGIRDAR, Ph : 99592 55557, 040-66623337**

(જા.ખ.)

**LIC, Apollo Munich, Mutual Funds Investments**

**YOGEN HINDOCHA,** **Advisor**

**Ph : 90301 19411. Mail : yhindocha@yahoo.com**

(જા.ખ.)

॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥ અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ સ્વામીને નમઃ

# શ્રી અચલગચ્છ જૈન સંઘ, હૈદરાબાદ (સિટી)

# શ્રી સંઘ આમંત્રણ પત્રિકા

***આવ્યો ચાતુર્માસ પ્રવેશનો પ્રસંગ - જગાવીએ આત્મિક આરાધનાનો ઉમંગ***

સહર્ષ જણાવવાનું કે શાસન સમ્રાટ, રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગર સુરીશ્વરજી મ.સા.** ની દિવ્યકૃપાથી વર્તમાન ગચ્છાધિપતિ તપસ્વીરત્ન **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સુરીશ્વરજી મ.સા.** ના આજ્ઞા આશીષથી તથા સાહિત્ય દિવાકર સૌમ્ય સ્વભાવી દક્ષિણ દીપક **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગર સુરીશ્વરજી મ.સા.** ના શુભાશિર્વાદો થી **શ્રી અચલગચ્છાધિપતિ શ્રી** ના આજ્ઞાવર્તિ મેવાડ દિવાકર, જ્યોતિષાચાર્ય **પ.પૂ. ગુરૂદેવશ્રી સર્વોદયસાગરજી મ.સા.ના શિષ્ય સળંગ ૯માં વર્ષીતપના આરાધક પ.પૂ. યુવા મુનિ શ્રી જગવલ્લભસાગરજી મ.સા.** ઠાણા ૧ નું ચાતુર્માસ પ્રાપ્ત થતા સકળ શ્રી સંઘમાં આનંદ વ્યાપી રહ્યો છે. ઉપકારી પૂજ્યશ્રીના ચરણોમાં કોટી કોટી વંદના....

## ચાતુર્માસ પ્રવેશનો મંગલમય કાર્યક્રમ

**સંવત ૨૦૭૧ દ્વિતિય આષાઢ સુદ ૬ મંગલવાર તા. ૨૧-૭-૨૦૧૫**

**મંગલમય પ્રવેશ યાત્રા** : દ્વિતિય આષાઢ સુદ ૬ મંગલવાર તા. ૨૧-૭-૨૦૧૫ના કચ્છી ભવનથી પૂજ્યશ્રી સવારના ૮.૩૦ વાગે બિગ બજાર, કાચીગુડા ચોરાસ્તા પધારશે. ત્યાંથી વાજતે ગાજતે સકળ શ્રી સંઘ સાથે શ્રી શાંતિનાથ જિનેશ્વરધામ પધારશે.

**સામૈયુ** : સવારના ૯.૦૦ વાગે જિનેશ્વરધામ, કાચીગુડા, હૈદરાબાદ

**સ્વામીવાત્સલ્ય** : કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ માતુશ્રી લક્ષ્મીબેન પ્રેમજી નરશી છેડા પરિવાર, હઃ રતીલાલ પ્રેમજી છેડા (શ્રી શાંતિનાથ ગ્રેનાઇટ્સ) ગામ : કચ્છ મોટા લાયજા હાલે હૈદ્રાબાદ તરફથી જિનેશ્વરધામમાં રહેશે.

પ્રવેશ બાદ ચૈત્યવંદન, માંગલિક પ્રવચન રહેશે. ચાતુર્માસ દરમ્યાન વાંચવામાં આવનાર સૂત્ર તથા ચરિત્રના ચઢાવા લેવામાં આવશે. પ્રવેશના દિવસે આયંબિલ કરાવવામાં આવશે. આયંબિલ કરનાર ભાગ્યશાળી તપસ્વીઓએ પોતાના નામ એક દિવસ પહેલા શ્રી સંઘ ની પેઢીમાં લખાવવા વિનંતી.

**ચાતુર્માસ દરમ્યાન કાર્યક્રમ :** દરરોજ ભક્તામર પાઠ, વ્યાખ્યાન, સૂત્ર-ચરિત્ર વાંચન તેમજ વિવિધ તપ, જપ, આરાધના અને ભક્તિના કાર્યક્રમ રહેશે. સમગ્ર ચાતુર્માસ દરમ્યાન દરરોજ આયંબિલ કરાવવામાં આવશે.

**નિવેદક : શ્રી અચલગચ્છ જૈન સંઘ, હૈદરાબાદ (સિટી)**

| **ધનજી લખમશી સાવલા** | **દામજી જીવરાજ નાગડા** | **પોપટલાલ કેશવજી છેડા** |
|---|---|---|
| ચેરમેન | વાઈસ ચેરમેન | મેનેજિંગ ટ્રસ્ટી |

**તથા સર્વે ટ્રસ્ટીગણના બહુમાનપૂર્વક જય જિનેન્દ્ર**

શુભ સ્થળ : **શ્રી શાંતિનાથ જિનેશ્વરધામ**, કાચીગુડા સ્ટેશન રોડ, હૈદરાબાદ-૨૭. ફોન : ૨૭૫૫ ૧૬૦૫, ૬૫૯૭ ૬૭૫૫

## JAIN MINORITY SAMITI

Sanchalak : **PANKAJ VALLABHJI SAVLA**
**Cell No : 93945 53154**

### FOLLOWING ARE "JAIN MINORITY SCHOLARSHIP" SCHEMES

**1) Pre Matric Scholarship (Std. 1 to Std. X) :** (New) Last date to apply 31 July, 2015

**2) Post Matric Scholarship :** (NEW)

**3) Merit cum Means Based Scholarship :** (NEW)

**4) Padho Pardesh :**

**5) MAMFDC's Education Loan :**

**6) Skill Development Schemes :** (Kohinoor Technical Institute & Shemaroo Entertainment Ltd.)

**7) Free Employability Training under Manas at MT Educare :** (NEW)

**8) All India CAT / MHCET - MBA FREE Training :**

**9) CA-CPT Entrance Exam 2015 :**

10) Scholarship for Students appeared in FY, SY and TY (Arts, Science and Commerce) 2014- 2015 :

**General Information** :

- Procedure and **Documents required for Income Certificate -**
- Presentation on Jain Minority Educational Benefits -
- Declaration of Family Income Draft -
  * [This needs to be printed on plain paper and attach GR of Non requirement of stamp paper and another GR of self attestation along with applicants photograph]
- Gazette Declaring JAIN religion as minority -
- If your college/institution is not listed with Ministry of Minority Affairs/DTE/DHE :
  => Submit the letter to your college/institute - , also attach copy of gazette and list of courses along with this letter.
- Format of Affidavit for Minority Certificate It is required in case if a students religion is mentioned as other than JAIN in school/college]
- [This needs to be printed on plain paper and attach GR of Non requirement of stamp paper and another GR of self attestation along with applicants photograph]
  + For the students who are MINOR [below 18 years] Annexure II –
  + For the students who are MAJOR [above 18 years] Annexure I -
  + List of banks for franking -

Note : In case of any doubts / questions contact convenor:
**Pankaj Vallabhji Savla** (Convenor Minority Welfare),
Ph : +9193945 53154, 80999 66665
email : pankajsavla@yahoo.co.in

# શ્રી અચલગચ્છ જૈન સંઘ

## શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય

શ્રી નરેન્દ્ર નંદુ માર્ગ, મારૂતીનગર, ચૈતન્યપુરી, હૈદ્રાબાદ

# પ્રથમ ચાતુર્માસના મંગલમય વધામણાં

## મંગલમય પ્રવેશ, પ્રવેશ, પ્રવેશ...

અચલ ગચ્છાધિપતિ, **પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગર સુરીશ્વરજી મ.સા.** ની દિવ્ય કૃપાએ, તપસ્વીરત્ન **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદય સાગર સુરીશ્વરજી મ.સા.**ની આજ્ઞાએ, સાહિત્ય દિવાકર **પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભ સાગર સુરીશ્વરજી મ.સા.** ના આશિષે, ચૈતન્ય રત્ન નવકાર આરાધક અમારા સંઘના પરમ ઉપકારી શ્રી નરેન્દ્રભાઈ રામજી નંદુના સાનિધ્યમાં **પ.પૂ. દીર્ઘ સંયમી સાધ્વીશ્રી ચંદ્રપ્રભાશ્રીજી. મ.સા.** ના સુશિષ્યા **પ.પૂ સાધ્વીશ્રી વિજયપુર્ણાશ્રીજી.મસા., પ.પૂ.સાધ્વીશ્રી વિરાગપુર્ણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વી શ્રી ચંદ્રસુધાશ્રીજી મ.સા.** આદી ઠાણા ૩ નો મંગળ પ્રવેશ **તા. ૨૨-૭-૨૦૧૫ ને બુધવાર**ની સલુણી સવારે ૭ વાગે લાભ ચોઘડીયામાં સાજન માજનની હાજરીમાં ઢોલ સરણાઈના સુરે થાશે.

પ્રથમ ચાતુર્માસ મળતાં શ્રી સંઘના દરેક ઘરોમાં આનંદ મંગલ છવાઈ ગયો છે ચાતુર્માસ પ્રવેશમાં શ્રી નરેન્દ્રભાઈની હાજરી અમારા સંઘના કાર્યકરોને ઈંજન પુરૂ પાડશે.

**નવકારશી સવારના ૯.૦૦ વાગ્યાથી સકળ શ્રી સંઘને લાભ લેવા વિનંતી.**

**શ્રી અચલગચ્છ જૈન સંઘના ટ્રસ્ટીઓ,**
**સંઘપતિ પરિવારો, સહાયક સંઘપતિ પરિવારો તરફથી**
**શ્રી સકળ સંઘને વહેલી સવારે પ્રવેશમાં પધારવા ભાવભર્યું આમંત્રણ.**

(જા.ખ.)

## શાંતિવન સમિતિ

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાવલા**
ફોન. ૯૨૨૪૬૫૩૨૫૪૫

લો.. મૈ... આ....ગયા. શાંતિવન સમિતિની બાગડોર સંભાળવા હું ફરીથી આપ સમક્ષ હાજર થઈ ગયો છું.

સન્માનીય વડિલો, આપશ્રીના સુખાકારીના અનુરૂપ કાર્યક્રમોની ગોઠવણ કરવાનો પ્રયત્ન હશે. એક મહિના પહેલાં નિયાપો દ્વારા કાર્યક્રમની જાણ કરવામાં આવશે.

વિવિધ કાર્યક્રમો સાથે કઈક ઠોસ કાર્ય કરવાનું લક્ષ્ય છે. માટે આપશ્રીના મૌલીક સુઝાવ લેખીત મોકલવા વિનંતી.

રવિવાર તા. ૨૩ ઑગસ્ટ ૨૦૧૫ ના કાર્યક્રમની દમદાર શરૂઆત રૂપે સાંજના ૪.૦૦ વાગ્યાથી શ્રી કચ્છી ભવનમાં આનંદ બજારનો આયોજન કરેલ છે. સંપૂર્ણ કાર્યક્રમનો આયોજન સીનીયર સીટીઝન (ઉમર વર્ષ ૫૧ થી ઉપર) દ્વારા હશે. તથા કાર્યક્રમને માણવા માટે સમસ્ત શ્રી કચ્છી મિત્ર મંડળના સભ્ય પરિવારોને હાર્દીક આમંત્રણ છે.

આનંદ બજારના સ્ટોલ સીનીયર સીટીઝનને ફાળવવામાં આવશે. સ્ટોલ મંડલ તરફથી નિશુલ્ક આપવામાં આવશે. કિફાયત ભાવની સ્વાદીષ્ટ વાનગીઓ, રમત ગમતના સ્ટોલો ઈતિયાદી એક ન અનેક રંગીન કાર્યક્રમની રજુઆત આનંદ બજારમાં પ્રસ્તુત થશે. કાર્યક્રમનો આનંદ માણવા સમયથી પહેલા પધારવા ચુકશો નહીં.

સહ સંચાલકના નાતે શ્રી ધીરજ જેતશી ધુલ્લા તથા ટીમમાં શ્રી મહેંદ્ર વોરા, શ્રી હિતેન સંગોઈ, શ્રીમતી દર્શના દેઢીયા, તથા શ્રીમતી નીતા માલદે સાથ આપશે.

## ભવન મેન્ટેનન્સ સમિતિ

સંચાલક : **મણિલાલ રામજી ધરોડ,**
**૯૩૯૧૦૦૨૬૬૯**

શ્રી કચ્છી મિત્ર મંડળના કમિટી મેમ્બરો, તેમજ મેમ્બરોનો આભાર.

કમિટી તરફથી મારી ભવન મેન્ટનન્સ માટે નિમણુક થયેલ છે, તે માટે ખૂબ ખૂબ આભાર. મને આપ સહૂનો પૂરે પૂરો સહકાર મળશે એજ આશા.

આપણો ભવન શહેરના પ્રખ્યાત હોલમાં ગણત્રી થાય છે. માટે આપના નવિન સૂચનો આવકાર્ય છે અને જેથી આપણા મોટા ભવનને આપણે સુંદર અને વ્યવસ્થિત રાખી રાખી શકીશું.

## સાધન સામગ્રી સમિતિ

સંચાલક : **સુંદરજી રતનશી નાગડા**
**૯૪૯૧૮૭૯૭૦૦**

કચ્છી ભવનની સાધન સામગ્રી સમિતિ જેવી મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે જે બદલ હું મંડળના પદાધિકારીઓ તથા કારોબારી સભ્યોનો આભારી છું. સાધન સામગ્રી સમિતિના સહ સંચાલક તરીકે શ્રી મણીલાલભાઈ વીરજી સાવલા રહેશે.

આ મહત્વની સમિતિનું સુચારૂ સંચાલન કરવા અમારી સહયોગી ટીમ હમેશા પ્રયત્નશીલ રહેશે. મંડળના સભ્યો તથા અન્ય બુકીંગ કરનાર પાર્ટીઓને કોઈપણ જાતની તકલીફ ન થાય એ માટે અમે હંમેશા પ્રયત્નશીલ રહીશું. સાથે સાથે દરેક સાધન સામગ્રી વ્યવસ્થિત રીતે મેઈન્ટેન થાય એ અમારી પ્રાર્થમિક્તા રહેશે.



# R.S. BANDHANI HOUSE

## કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા. ખ. H-2750)

# શુદ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

* પાંચ ધાન્યના (ભગદરીયા) લાડુ
* ડ્રાયફ્રુટ લાડુ (ઘંઉના)
* નાચણી (રાગી) ખજુર લાડુ
* ગોળીયા લાડુ
* ફીણીયા લાડુ
* અદરખ ડ્રાયફ્રુટ લાડુ
* ગોળ પાપડી
* કોકોનેટ બીસ્કીટ

• સાંગલીના ભડંગ • પૂનાનો લક્ષ્મીનારાયણ ચીવડો • શીંગદાણાની ચટણી
• સિકંદરના ખારી શીંગ • ચણા

કચ્છની સ્પેશીયલ ખારેક મળશે

ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદળ

(જા.ખ.)

CONTACT : PRAVIN K. CHHEDA
102, Uma Residency, Near Jineshwardam, Kachiguda, Hyderabad. (R) Ph : 2755 2939
PRAVIN CHHEDA - 89857 59320 PREMILA CHHEDA - 90146 66932

# માનવ મિત્ર સમિતિ

સંચાલક : હરિલાલ ભીમશી સાવલા

સૌ પ્રથમ મંડળની કારોબારી સમિતિમાં હાલની ચૂંટણીમાં ચૂંટાઈને આવેલા સર્વે સભ્યોને તેમજ હોદ્દેદ્દારોને માનવમિત્ર સમિતિના સભ્યો તરફથી અભિનંદન પાઠવીએ છીએ અને માનવમિત્ર સમિતિને આપ સૌ તરફથી હર હમેશ મળતો રહે છે એવાજ સાથ સહકારની આપના તરફથી અપેક્ષા રાખીએ છીએ.

**આવેલ દાનની વિગત :**

| દાતાઓના નામ | આશ્રમ રૂ. | ગૌશાલા રૂ. | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | ગૌ-ઘાસ | જીવદયા |
|---|---|---|---|---|---|---|---|
| માતુશ્રી તેજબાઈ ડુંગરશી હરીયા | ૧૦૦૦ | ૧૦૦૦ | - | ૫૦૦ | - | - | - |
| શ્રી વેરશી વશનજી ધરોડ પુણ્યતિથી નિમિત્તે | ૫૦૦ | ૫૦૦ | - | - | - | - | - |
| શ્રીમતી લતાબેન ભાટીયા | - | ૫૦૦ | - | - | - | - | - |
| શ્રી નિલેશ ચુનિલાલ સંઘોઈ | - | ૫૦૦ | - | - | - | - | - |
| શ્રી રાજેશ એમ. પટેલ - અમદાબાદ | - | ૧૦૦૦ | ૪ | ૧૦૦૦ | ૧૦૦૦ | - | - |
| શ્રી જયંતીલાલ એમ. મારૂ | - | - | ૨ | - | - | - | - |
| શ્રી મગનલાલ એમ મારૂ | - | - | ૧ | - | - | - | - |
| શ્રી નરેશ શાહ | - | - | ૧ | - | - | - | - |
| શ્રી હિતેશ વશનજી હરીયા | - | - | ૧ | - | - | - | ૫૦૦ |
| માતુશ્રી રાણબાઈ પ્રેમજી ગડા ૩જી પુણ્યતિથી નિમિત્તે | ૫૦૦૦ | - | - | - | - | - | - |
| માતુશ્રી ગંગાબેન આશારિયા માલદે | ૫૦૦ | ૫૦૦ | - | ૫૦૦ | - | - | - |
| શ્રી મનહરભાઈ | - | ૧૦૦ | - | - | - | - | - |
| શ્રી હરીષ એચ. શાહ | - | ૫૦૦ | - | - | - | - | - |

પ્રતિ મહિનાના પહેલા અઠવાડીયાના રવિવારે સવારના ૭.૩૦ વાગે માનવમિત્રના શ્રી હિતેનભાઈ સંઘોઈ આશ્રમમાં જાય છે. જે ભાઈ બહેનોને આશ્રમમાં જવાની અને કોઈ પણ વસ્તુ આપવાની ભાવના હોય તો શ્રી હિતેનભાઈ સંઘોઈ (ફોન : ૯૮૪૯૧ ૬૪૨૨૧)નો સંપર્ક કરે. આપણા સભ્યો પાસે કોઈ પણ ઓરફનેજ આશ્રમની માહિતી હોય તો શ્રી હિતેનભાઈનો સંપર્ક કરતાં તેઓને રોકડ રકમ તથા કોઈ ચીજ વસ્તુ માટે મદદ કરી શકાશે.

૨૫ કીલો ચોખા સ્વ. સોનબાઈ વલ્લભજી દેવજી સાવલા - ગામ નવાવાસની પુણ્યતિથી નિમિત્તે શ્રી પંકજ વલ્લભજી સાવલા તરફથી પ્રાપ્ત થયા છે.

# ॥ શ્રી આદીનાથ સપ્લાયર ॥

**સાંભળો... સાંભળો... સાંભળો...**

આપણે કચ્છી, ગુજરાતી માણસ સ્વાદના **રસીયા** ખાવાના ખુબ શોખીન
સવાર હોય કે સાંજ હોય **ચા** સાથે **નાસ્તા** વગર તો ન ચાલે
સગા, સંબંધી, મિત્રો, મહેમાન આવે તો તીખા, ચટપટા, મીઠાં નાસ્તા જોઈએને !
તો વાટ શેની જોઓ છો ? આવો પધારો **"શ્રી આદીનાથ સપ્લાયર"**
અમારી પાસે પણ હવે મુંબઈના ઉત્તમ, ક્વાલિટીના વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ **ફરસાણ** તથા વિવિધ ખાખરા, ચિક્કી, કરાચી બીસ્કીટ વગેરે.... મલશે. સ્પેશલ ઢોસા ખાખરા પણ મળશે.

ફોન પર BEAUTY PARLOUR ના ઓર્ડર લેવામાં આવશે...

## હીના બ્યુટી પાર્લર

3-3-120/1A, Aadhar, Chapal Bazar,
Near Hanuman Temple, Kachiguda, Hyderabad - 500 027

**HIREN VIRA - 97040 67616 - HEENA VIRA 97040 71717**

(જા.ખ.)




## શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિનું ગૌરવ
## મૈશેરી પરિવાર તથા લોડાયા પરિવારનું ગૌરવ

**મીત જીતેન્દ્ર મૈશેરી** બાંડીયા - મેહબુબનગર

અમારો લાડલો ચિ. મીત ધોરણ ૧૧ની
બોર્ડની પરીક્ષામાં **99%** ૪૭૦ માંથી ૪૬૪ માર્ક મેળવી
**"STATE 4TH RANK"** આવેલ છે.

આ જ્વલંત સિદ્ધી પ્રાપ્ત કરી જ્ઞાતિનું તથા બંને પરિવારોનું ગૌરવ વધાર્યું છે.
ભવિષ્યમાં આવાજ શિખરો સર કરે એવી શુભેચ્છા સહ ખૂબ ખૂબ હાર્દિક આશીર્વાદ.

**શુભાશીષ**

**રાજબાઈ લક્ષ્મીચંદ મૈશેરી** (દાદા-દાદી),
**વિપુલા જીતેન્દ્ર મૈશેરી** (માતા-પિતા), **ભાવિની, ધારિણી, સંદીપ** (ભાઈ-બહેન),
**મણીબાઈ નવીનચંદ પીર** (નાના-નાની) સુથરી, અંજાર
એવં સમસ્ત મૈશેરી પરિવાર તથા લોડાયા પરિવાર અને
સર્વે સગાં સ્નેહીઓ મિત્રગણના હાર્દિક અભિનંદન.

(જા.ખ.)

## S.M.S સમિતિ

સંચાલક : પંકજ હીરજી સાવલા
98497 47625

સમાજના અગત્યનાં સમાચાર, મરણનોંધ અને પ્રાર્થનાના મેસેજસ દરેક પરિવાર ને મોકલવામાં આવે છે, જે કોઈ પણ પરિવાર આ એસ.એમ.એસ માટે એમનો નંબર રજીસ્ટર કરાવેલ ન હોય તો કચ્છી ભવન ઓફીસમાં નામ અને નંબર નોંધાવી શકો છે. એસ.એમ.એસ માટે પરિવારમાં કોઈ પણ એક નંબર ઉપર રજીસ્ટર કરી શકો છે.

ટૂંક સમયમાં એસ.એમ.એસ લીસ્ટ અપડેટ કરવામાં આવશે. જે કોઈ પણ મેમ્બરના નંબર ડી.એન.ડી (Do not disturb-D.N.D.) સર્વીસમાં એક્ટીવેટ હોય તો ડીએક્ટીવેટ કરાવવાથી એસ.એમ.એસ પ્રાપ્ત થઈ શકશે.

મેમ્બર પરિવારના યુવા અને મહિલા સભ્યોનું અલગ ગ્રૂપ બનાવવામાં આવશે. જેની વિગત ટૂંક સમયમાં આપવામાં આવશે. મરણ નોંધ અને પ્રાર્થના માટે એસ.એમ.એસ સમાજવતિ મોકલવામાં આવશે અન્ય એસ.એમ.એસનું ચાર્જ રૂા. ૨૦૦ રહેશે જેની રસીદ નંબર અને મેસેજ નીચે આપેલ નંબર ઉપર મોકલવાનું રહેશે. પંકજ હીરજી સાવલા - ૯૮૪૯૭ ૪૭૬૨૫.

## આવાસ ગૃહ સમિતિ

સંચાલક : કેશવજી પ્રેમજી છેડા
ફોન ૯૩૯૧૦૨૯૨૬૬

શ્રી કચ્છી મિત્ર મંડળ સંચાલિત આવાસ ગૃહ સમિતિના સંચાલન માટે મારા ઉપર વિશ્વાસ મુકી જવાબદારી સોંપવામાં આવી એ બદલ હું મંડળના પદાધિકારીઓ તથા વર્કીંગ કમિટીના સભ્યોનોં આભારી છું. આવાસ ગૃહના સરળ રીતે સંચાલન અને ત્યાં રહેતા સભ્યોની તકલીફોને દૂર કરવા હું મારી સહયોગી ટીમ સાથે સદાય કટીબધ્ધ રહીશ.

હાલ આવાસગૃહમાં ૨ ફ્લેટ ખાલી છે જે જરૂરત મંદ સભ્યો માટે ઉપલબ્ધ છે. જરૂરતમંદ પરિવારે આ માટે અરજી મંડળના કાર્યાલયમાં મોકલવા વિનંતિ.

## જીવન ચક્ર

### પુત્રી જન્મ

| | | |
|---|---|---|
| અંકીતા કેતન દામજી સાવલા | ડુમરા | દુલઈ |

### અવસાન નોંધ

| | | |
|---|---|---|
| રાણબાઈ વેલજી દેવશી | સુથરી | હૈદ્રાબાદ |




FOR ALL YOUR COMPUTER WORK
- SOFTWARE INSTALLATION
- TROUBLE SHOOTING
- VIRUS CLEANING ETC.
- NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(જા.ખ.)



**ADVERTISING - DESIGNING - PRINTING - FLEX BANNERS**

**COMPUTERISED HOROSCOPE, KUNDLI MATCH MAKING IN HINDI, GUJRATI, TELUGU & ENGLISH LANGUAGE.**

**ADVERTISEMENTS IN LEADING NEWS PAPERS**

Ridesh Ramesh Jagirdar, 66780780, 40258999

**CHANDRAPRABHA GRAPHICS**

Logon

FOR BULK SMS, MULTI COLOUR STICKERS FOR MARRIAGE
LOGO DESIGNING, BROUCHER & SOUVENIR PRITING

CONTACT: Paras Ramesh Jagirdar 66680780, 40047999

(જા.ખ.)

---

20 Days Medicine only Rs. 350/-

**AYURVEDIC (WEIGHT - LOSS) MEDICINE**

Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-

**Ph : 9395347264, 9392418463, 040-27564183**

(જા.ખ.)

---

# CHERIAN NATIONAL

## Motor Driving School

Pick up & Drop

(ESTD. 1962)

✶ CONTACT ✶

5-9-169/4, Nampally, Chapel Road,
Hyderabad **Cell : 98495 84518**

(જા.ખ.)

---

## કેવલ અને કંચન ગૃહ ઉદ્યોગ

ધીજીરા, ઘી સાદા, કોરાસાદા, મેથી, મેથી મસાલા, ચોરા ફરી, મગ કોયડના, તીલ બાજર, બધી વેરાયટી ઢોસા ખાખરા અમેરીકન ચોપસી, ઢોસા ખાખરા. બધી વેરાઈટીના ખાખરા મળશે. હોમ ડીલવરી

ઘર : ૨૭૬૦ ૮૧૯૭, ગૌરવ ગાલા : ૯૩૪૬૦ ૧૦૧૬૫, અલ્પા ગાલા : ૯૮૪૯૦ ૧૦૧૬૫, બીજલ ગાલા : ૯૫૩૩૫ ૯૦૧૬૫

(જા.ખ.)

## સંસ્થા સમાચાર

❖ શ્રી મહાકાલી ભક્તી મંડળ હૈદ્રાબાદના ઉપક્રમે આષાઢી બીજ કચ્છી નવવર્ષની ઉજવણી રૂપે શનિવાર તા. ૧૮-૭-૨૦૧૫ ના સાંજના ઠીક ૬.૩૦ વાગે શ્રી જીનેશ્વરધામ મંદિર કાચીગુડાના પ્રાંગણમાં નામચીન સંગીતકારની સથવારે ભવ્ય થી ભવ્ય ભક્તી ભાવના રાખવામાં આવેલ છે. આપ સર્વે ભાવિકોને વિનંતી કે સમયસર પધારી ભક્તી ભાવનામાં રમઝટ જમાવશો. વધુ વિગત માટે સંપર્ક : **હંસકુમાર સાયલા**-૬૬૩૬૨૫૪૫

❖ ગૌતમ સુરીશ્વરજી જૈન પાઠશાલાના ઉપક્રમેં દર હપ્તાના મંગલવાર, ગુરૂવાર, શુક્રવારના સાંજના ૬ થી ૭ દરમ્યાન જીનેશ્વવરધામ મંદિરમાંના પ્રાંગણમાં પાઠશાળાનું આયોજન થાય છે. જેનો લાભ લેવાનું તમો ચુકશો નહીં. પાઠશાલાનું સંચાલન જ્ઞાની તથા સેવાભાવી બહેનો દ્વારા થઈ રહેલ છે. ૧) શ્રીમતી દમયંતીબેન પ્રેમચંદ છેડા, ૨) શ્રીમતી દમયન્તીબેન મહેન્દ્ર ગડા, ૩) શ્રીમતી કુસુમબેન જીતેંદ્રભાઈ ગડા, ૪) શ્રીમતી જ્યોત્ષનાબેન મણીલાલ સાવલા

❖ **કચ્છી ઓસવાલ મ્યુચ્યુઅલી એડેડ કો-ઑપ. ક્રેડીટ સોસાયટી લિ.** : કચ્છી ઓસવાલ મ્યુચ્યુલી એડેડ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીની ૧૯મી વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૧૪-૬-૨૦૧૫ નાં કચ્છી ભવન હૈદ્રાબાદ મધ્યે યોજવામાં આવેલ.

વર્ષ ૨૦૧૪-૨૦૧૫માં સભ્યોને રૂા. ૨,૦૦૨.૨૬ લાખની વિવિધ લોનો મંજૂર કરવામાં આવેલ. સોસાયટીની કુલ્લ શેર મુડી રૂા. ૧૫૧.૫૦ લાખની છે જેનાં ઉપર ૨૧ ટકા ડિવીડન્ડ સભ્યોને આપવામાં આવેલ. રૂા. ૧૦૦ નાં પ્રત્યેક શેર દીઠ રૂા. ૪૬.૮૫ ની આવક થયેલ. સભ્યોને તેમની નિરંતર ડિપોજીટ ઉપર ૯ ટકાનું વ્યાજ અપાય છે. રોટેશન પદ્ધતિથી દર વર્ષે ૪ ડાયરેક્ટરો વારાફરતી રિટાયર થાય છે. આ વર્ષે ડાયરેક્ટરોની ચુંટણી માટે ૫ ઉમેદવારોએ નામ નોંધાવેલ જેમાંથી નીચે મુજબનાં ૪ ઉમેદવારો વર્ષ ૨૦૧૫ થી વર્ષ ૨૦૧૮ ત્રણ વર્ષ માટે ચુંટાઈ આવેલ. શ્રી અરવિંદ કેશવજી છેડા - ગોધરા, શ્રી સુશીલ ધીરજલાલ કાપડીયા - પત્રી, સીએ શ્રી જય મણીલાલ સાવલા - આસંબીયા, શ્રી ચિમનલાલ લાલજી ગાલા - છસરા

વર્ષ ૨૦૧૫-૨૦૧૬ માટે નીચેનાં કાર્યકારી ડાયરેક્ટરોની વરણી કરવામાં આવેલ.

ચેરમેન : શ્રી સંજય નાનજી ગાલા-લાખાપર, ડેપ્યુટી ચેરમેન : શ્રી તારાચંદ મણીલાલ ધરોડ-પત્રી, મેનેજીંગ ડાયરેક્ટર : શ્રી અરવિંદ કેશવજી છેડા-ગોધરા, ડાયરેક્ટર (વહીવટ) : શ્રીમતી વાસંતી અરવિંદ શાહ-નવિનાર, ડાયરેક્ટર (ફાઈનાન્સ) : શ્રી અનિષ પોપટલાલ છેડા-ગોધરા. સોસાયટીના અન્ય ડાયરેક્ટરો : શ્રી ધનજી લખમશી સાવલા-નવાવાસ, શ્રી શાંતિલાલ વાલજી મારૂ-ભોજાય, શ્રી તલકશી ભાણજી ગડા-લઠેડી, શ્રી હિતેન મણીલાલ સંઘોઈ-ટોડા.

**અભિનંદન :** આંતર રાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે હૈદ્રાબાદની સંસ્થા ગાંધી જ્ઞાન મંદિરના ડૉ. **પ્રવિણ કાપડિયા** એ યોગ શિખવાડવા માટે ૪૪૪૪૪ ક્લાસેસ લેવાના વિશ્વ વિક્રમ કરવા બદલ કેંદ્રીય મંત્રિ શ્રી ભંડારૂ દત્તાત્રેય તેમજ ડૉ. જનરલ વી.કે. સિંહ ના વરદ હસ્તે તેઓનું વિશેષ સન્માન કરવામાં આવેલ.




**દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :**

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

**ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.**

**નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્ક્લેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯**

(સૌ. જ.)

## સાવધાન

ફોન ટેપીંગની ઘટનાઓ આપણે સાંભળતા આવ્યા છીએ. આજકાલ આ દૂષણ દરેક જગ્યાએ પેસી ગયું છે. સ્માર્ટ ફોન આવ્યા પછી ફોન ટેપીંગ ખૂબજ વધી ગયું છે. જે માટે સાવધ રહેવાની જરૂરત છે. બનતાં સુધી કોઈ મહત્વના વિષય પર ચર્ચાઓ ફોનમાં ન કરતાં વ્યક્તિગત રીતે કરવી હિતાવહ છે.

**દિનેશ ગોસર**

## હાર્દિક શ્રદ્ધાસુમન



## શ્રીમતી રાણબાઈ વેલજી દેવશી

W/o. વેલજી દેવશી રતનશી

સુથરી વાલા

**સ્વર્ગવાસ**

**શનિવાર ૨૭-૬-૨૦૧૫**

**શોકાતુર**

ગુલાબ શાહ (પુત્ર) - ૯૭૦૦૧ ૦૪૫૩૫

ભરત શાહ (પુત્ર) - ૯૩૭૨૦ ૩૩૭૮૯

શ્રીમતી કુસુમ સુરેન્દ્ર તોલવાલા (પુત્રી)

(જા.ખ.)

**છેડા ટ્રાવેલ્સ** ઈનોવા, વીસ્ટા, ઈન્ડીકા, તુફાન, ટ્રાવેરા, બસ વગેરે

કાર ભાડેથી મેળવવા A/c. - Non A/c.

સંપર્ક : હીરાચંદ એલ. છેડા (સુથરીવાળા) - ૯૮૭૯૩ ૫૭૨૪૬

C/o. સવાણી ટ્રાન્સપોર્ટ, ભીડ બજાર, ભુજ - કચ્છ.૩૭૦ ૦૦૧



(જા.ખ.)

DEEPAK MAVJI DHAROD | Cell : 98490 53458

**BHAVANA TOURS & TRAVELS**

RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally, Hyd-20.

(જા.ખ.)

# વિવિધા

## દરેક પત્નીએ વાંચવા અને સમજવા જેવું

**Love him** - તમારો પતિ ઘરે આવી ને ચા કે કૉફી ઓર્ડર કરે એનો મતલબ એ છે કે તે વર્ક પ્રેશર, બોસની ગાળો અને સ્ટ્રેસથી બિચારો ખુબજ ચિંતીત છે. ત્યારે ચા કે કોફી તો એક બહાનુ છે. તેને તમારી નટખટ વાતો સાંભળી ને ફ્રેશ થવુ છે, તેને સમય આપો અને તેનો મૂડ ચેન્જ કરો. આ સમયે પત્ની અપેક્ષા ના રાખે પણ પતિને સમય અને પ્રેમ આપવાનો સંતોષ માણે...

**Love him** - જો તે કોઈ સુંદર છોકરીને કે તમારી બેનપણી ને જુએ છે. એટલે એવું ન માની લેવાય કે એ એના પ્રેમમાં છે, એ બિચારો તો ચેક કરે છે કે મારી પત્ની આના કરતા તો ક્યાંય બેસ્ટ છે.

**Love him** - તમે બનાવેલુ ખાણુ ખાઈ ને તે કોઈ ટીકા કરે તો એને પોઝીટીવ લેજો કારણ સાચો સખો જ તમને સત્ય કહેશે બાકી બીજાતો ખોટે ખોટા જ વખાણ કરશે. અંતે એની ટીકા તમારા Improvement માટે જ છે ને...

**Love him** - જો તે સૂતી વખતે મોટેથી નસકોરા બોલાવે અને તમને ડિસ્ટર્બ કરે તો એવું સમજવું કે તે તમારી સાથે લગ્ન કરી ને દુનિયાનો સૌથી સુખી વ્યક્તિ છે જે ઘસઘસાટ ઊંઘી રહ્યો છે. મનોમન એને જોઈને ખુશ થાજો... હરખાજો.

**Love him** - જો તમારા જન્મ દિવસે તે તમને ગીફ્ટ આપતા ભૂલી જાય તો એવું સમજજો કે તે તમારા સુખી ભવિષ્ય માટે સેવિંગ કરી રહ્યો છે.

**Love him** - કારણ કુદરતે તમને બન્ને ને ભેગા કર્યા છે અને તમે બન્ને જ એકબીજાની ફાઈનલ પસંદગી છો.

મિત્રો આ નાની-નાની વાતો પણ બહુજ મોટી અસર કરે જો સમજાય તો....

**ચંદન હરીશ હરિયા**

## આધાર કાર્ડ

આધાર કાર્ડનું મહત્વ દિવસે દિવસે વધતું જાય છે. જેનાથી આપણે માહિતગારજ છીએ. ગેસ સબસિડી, વોટર આઈ-ડી લિંક, પાસપોર્ટ માટે સરળતા, ઓલ્ડ એજ પેન્શન, વિધવા પેન્શન, વિકલાંગ માટે પેન્શન, ફૂડ સિક્યુરિટી (રાશન), બેંક કે.વાય.સી માટે તથા ઘણી બધી જગ્યાએ આધાર કાર્ડની જરૂરત પડે છે. ફોટો-આયડી, બર્થ સર્ટિફિકેટ, એડ્રસ પ્રુફ ત્રણેમાં એ વેલિડ છે. હજી દિવસે દિવસે આધાર કાર્ડનું મહત્વ વધવાનું જ છે. આપણા સમાજનાં કોઈપણ સભ્યો તથા તેમના પરિવારજનોએ આધાર કાર્ડ ન બનાવ્યું હોયતો સત્વરે કરાવી લેવું જોઈએ.

જેના માર્ગદર્શન માટે સંપર્ક :

**દિનેશ ગોસર ૯૨૪૬૧ ૯૯૦૧૧, ૯૩૯૧૧ ૯૯૦૧૧, ૯૮૪૮૦ ૯૯૦૧૧**

YOU TURN
*an awareness*
STOP • THINK • TURN • ACT

## શ્રી હૈદ્રાબાદ આઠકોટી નાની પક્ષ સ્થા. જૈન સંઘ
## અને
## (JYF) જૈન યુથ ફોરમ
## યોજે છે
# 'કષાયને તગડે છગડે Day'


સ્વકલ્યાણથી સર્વકલ્યાણ

આજે ચારેબાજુ વ્યાપકરૂપે 'હું' પદથી ફાટફાટ થતી મોટાભાગની નિરર્થક પ્રવૃતિઓ, સત્તાની લાલસા, પ્રસિદ્ધિનો મોહ અને સામાજિક સ્વીકૃતિની ભૂખની ભૂતાવળો છે.

**મનુષ્ય જ્યારે જન્મે છે, ત્યારે તેનું વજન 'અઢી કીલો' હોય છે.**
**અને જ્યારે અગ્નિ સંસ્કાર બાદ તેની રાખનું વજન પણ 'અઢી કીલો' હોય છે.**

જીંદગીનું '**પહેલું કપડું**' જેનું નામ '**ઝબલું**'
જેમાં ખીસ્સું ન હોય,
જીંદગીનું '**છેલ્લું કપડું**' જેનું નામ '**કફન**'
એમાંય ખીસ્સું ન હોય,
તો વચગાળાના ખીસ્સાં માટે
આટલી '**ઉપાધી (કષાય)**' શા માટે ?

આ પરિસ્થિતિમાં હૈદ્રાબાદમાં કષાયોને તગડે છગડે (ક્રોધ, માન, માયા, લોભ, પરિગ્રહ વગેરે વિષયો પર) કેવી રીતે Control કરવું એની સમજણ **શ્રી હાર્દિક વિનેશ મામણીયા અને શ્રી જયેશ મોરારજી ગોગરી** આપશે.

'**હૈદ્રાબાદ સંઘ**'ના અને '**જૈન યુથ ફોરમ**'ના કાર્યકર્તાઓ હૈદ્રાબાદમાં વસતા શ્રાવકોનાં ઘરે ઘરે જઇ '**કષાયને તગડે છગડે**'ની '**આત્મા જાગૃતિ**' લાવવા માટે પ્રયાસ કરશે.

**સમાજનાં શ્રાવક, શ્રાવીકાઓ, યુવા વર્ગના યુવકો અને યુવતીઓને લાભ લેવા વિનંતી.** (જા.ખ.)

**Date: 2nd August 2015, Sunday | Time: 9.00 AM to 11.30 AM**
**Address: Kutchi Bhavan, Eden Bagh, Ram Kote, Hydrabad.**
**Contact:**
**શ્રી જયેશ જાદવજી મામણીયા (બેરાજા - હૈદ્રાબાદ) : 94408 90437**
**શ્રી મનોજ હીરજી સાવલા (બેરાજા - હૈદ્રાબાદ) : 98497 74845**

### જૈન યુથ ફોરમની પ્રવૃતીઓનાં દાતાશ્રીઓ

- માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)
- માતુશ્રી લક્ષ્મીબેન માવજી રાયશી વીસરીયા (VPly-કુંદરોડી)
- માતુશ્રી કસ્તુરબેન કુંવરજી શીવજી છેડા (ગાલા ભનસાલી-મોખા)
- શ્રીમતી નીલમબેન રમણીકલાલ છગનલાલ દેઢીયા (ભુજપુર)
- શ્રી જયંતીલાલ લાલજી ગાલા (મંગરાઇ - સાડાઉ)
- માતુશ્રી મંજુલાબેન મોરારજી પુનશી ગોગરી (ટુંડા)
- માતુશ્રી મક્કાબેન ભીમશી છેડા (SPM Group-પુનડી)
- માતુશ્રી નિર્મળાબેન ઠાકરશી મોરારજી મારૂ (નેપચ્યુન ગ્રુપ-ડેપા)
- માતુશ્રી દેવકાબેન કાનજી ફુરપાર વોરા પરિવાર (બિદડા)
- શ્રી ભારાણી પરિવાર (દેશલપુર)
- શ્રીમતી ભાવનાબેન ધીરજ માવજી છેડા (બ્લુ સ્ટાર ટાઈલ્સ - ડેપા)
- માતુશ્રી ઝવેરબેન સુરજી નરસી છેડા (ટુંડા)
- માતુશ્રી કંકુબેન હીરજી જેઠાલાલ ગાલા (જ્યોતી કેર્ટસ - ભુજપુર)

એક બીજાને ગમતાં રહીએ | સમતા રાખો | શાંત પળોમાં વિચારજો

# અસ્થમા અને કફ માટેનો અસરકારક ઘરગથ્થુ આયુર્વેદિક નુસખો

પાચન અને શ્વાસના રોગોમાં આદું અને મધનો ઉપયોગ ભારતમાં આદિકાળથી થતો હોવા છતાં લોકો એનો ઉપયોગ ઓછો અને દવાનો વધારે કરતા હોય છે.

આદું, આમળા, કિસમિસ અને મધના સંયોજનથી અસ્થમા, કફ અને શ્વાસના અનેક પ્રકારના રોગોને ભગાડી શકાય છે.

તો આવો આજે આપણે ઘેર બેઠા આ ચાર ચમત્કારિક જડીબૂટ્ટીમાંથી અસરકારક આયુર્વેદિક ઔષધ બનાવવાનો નુસખો શીખીએ અને અનેક રોગોથી મુક્તિ મેળવીએ. આ ઔષધમાં ઉપયોગમાં લેવાની સામગ્રી તમને તમારા રસોડામાંથી જ મળી રહેશે.

**ઔષધ કઈ રીતે બનાવશો ?**

આમળા ડૂબે એટલું પાણી એક સ્વચ્છ વાસણમાં લો. આમળા નરમ થઈને ત્રણ ટુકડા થાય ત્યાં સુધી એને ઉકાળો. ત્રણ આમળાને ઉકાળતા ૧૦ થી ૧૫ મિનિટ થશે. આમળાના બી કાઢીને એનો માવો બનાવો. (મિક્ષરમાં અથવા તો હાથેથી મસળીને તમે એ કરી શકશો).

કિસમિસ ને આમળા સાથે ઉમેરીને પેસ્ટ બનાવો. હવે આદુનો પાઉડર અને મધ ઉમેરીને એકરસ બનાવો.

**કેવી રીતે લેશો ?**

આ ઔષધ દિવસમાં બે વાર ત્રણથી પાંચ ગ્રામ જેટલું લેવાનું છે. એ તમે જમ્યા અગાઉ કે જમ્યા પછી લઈ શકો. આ ખાધા બાદ જો તમને તરસ જેવું લાગે તો હૂંફાળુ પાણી પી શકો.

**આ ઔષધના લાભ ?**

આ ઔષધ અસ્થમા, હઠિલા કફ, કફને કારણે થતા શ્વાસના જૂના રોગ અને અસ્થિર વાયુ દોષમાં ઉપયોગી સિદ્ધ થાય છે. આમાંના ચારેય ઘટકો કફ અને વાયુના શમન માટે અતિ ઉત્તમ ગણાય છે.

ફેફસાનાં અસ્થમા કે ટીબી જેવા જૂના રોગોના દરદીઓને કાયાકલ્પ જેવી સારવારની જરૂર પડે છે. કિસમિસ અને આમળા કાયાકલ્પનું કામ કરે છે.

આદુ એ ઉત્તમ ઔષધ છે અને કફ અથવા તો બલગમ કાઢવામાં મદદ કરે છે. કેટલા વખત આ ઔષધ લેવું ?

તમારી પ્રકૃતિ પ્રમાણે અને ડૉક્ટરની સલાહ પ્રમાણે આ ઔષધ બે સપ્તાહથી ૩ મહિના સુધી લઈ શકાય.

**બનાવ્યા બાદ કેટલા સમય સુધી વાપરી શકાય ?**

બનાવ્યા બાદ ત્રણથી પાંચ દિવસ સુધી આ ઔષધ વાપરી શકાય છે. આમળામાં રહેલા ભેજને કારણે એને ઝાઝો વખત સુધી સાચવી નથી શકાતું. જો કે, આ બનાવવું ઘણું સરળ હોવાથી તમે એ વારંવાર બનાવીને વાપરી શકો છો. આમળાને બદલે આમળાનો તૈયાર પાઉડર પણ વાપરી શકો પણ બને ત્યાં સુધી આમળા વાપરવા સારા ગણાય. ડૉક્ટરની સલાહ પ્રમાણે પાંચ વર્ષથી નાના બાળકોને ૧ થી ૨ સપ્તાહ સુધી આપી શકાય.

**ગર્ભાવસ્થા અને પ્રસૂતિ**

ગર્ભાવસ્થામાં આ ઔષધનો ઉપયોગ ન કરવો જોઈએ પણ પ્રસૂતિ બાદ એ લઈ શકાય. ડાયાબિટીસના દર્દીઓ માટે આ ઔષધ અનુકૂળ નથી ગણાતુ. જે લોકો મસાલા ન ખાઈ શકતા હોય કે જેમને પાચનની તકલીફ હોય એવા લોકો પણ આ ઔષધ લઈ શકે છે. એવાં લોકોએ શરૂઆત્ ૧ થી ૨ ગ્રામ ટેસ્ટ કરીને કરવી. તો ઉપર જણાવેલ અમૃતતુલ્ય ઔષધ ઘરે બનાવો અને એના ઉપયોગથી નીરોગી રહો.

સંકલન : **પંકજ વલ્લભજી સાવલા**

CA. DIPTI CHHEDA'S

# CONCEPT CLASSES

## CA - CPT / IPCC

**IPCC Group I Classes Starting on 22nd July 2015**
**IPCC Group II Information Technology Starting on 15th July 2015**
**Integrated Batch for Inter II Year+CPT Coaching**
**Batch for Tally ERP 9 with Basic Accounting Concepts**
**CA Final - Financial Reporting Classes**
**B.Com / BBA regular coaching available.**

- Special formulae Notes on Quantitative Aptitude.
- Flow chart notes for Accounting Standards.
- Printed notes in work book form for every subject.
- Booster revision classes & Booster test series before exam.
- Special 1 day revision class on projector before examination.
- Chapter wise weekly class test with Suggested answers & detailed feedback.
- Special Classes for Inter Students (Accounts & Maths)
- Only 30 students per batch.
- AC Classroom.
- Library facility available.
- Reading room facility available.

**For Details Contact : Ph : 90309 19237, 92465 39616**

## *LOOKING FOR AN ACCOUNTANT ??*

***Part / Fulltime Accounting Solutions***
***Inventory / Payroll / Statutory Matters***
***E-Commerce Advisory Services***
***Temp. Staffing, Business Advice, E-Filing, ERP***
***Contact : ALOK DAGA Ph : 9573657890***

(જા.ખ.)

***Spend more time running your business & less time managing your books.***

# જાણવાં જેવી વાતો...

## કચ્છ જીલ્લાની બેન્ક ડિપોઝિટો

આપને આશ્ચર્ય સાથે આનંદ થશે કે આપણા કચ્છમાં રાષ્ટ્રીયકૃત બેન્કોની ડિપોઝિટોની રકમ જાણી અધધધ થઈ જવાય. ભુજ થી ૧૫ કી.મી. દુર, નાનકડું ગામડું **બલદિયા** જેમાં કુલ્લ ૧૨૯૨ ઘરો છે ત્યાં સરકારી બેન્કોની ૯ શાખાઓ કાર્યરત છે તેની ડિપોઝિટો રૂા. ૨૦૦૦ કરોડ જેટલી થાય છે. કચ્છમાં બીજા આવા નાના ગામડાઓ જેવા કે માધાપર, કેરા, નાનાપુરા, સુખપર, સમાત્રા, કોડકી ભરાસર, રામપર-વિકારા, મળીને દેશના (મહાનગરો છોડીને) બીજા કોઈ પ્રદેશો કરતા આ ગામડાઓની ડિપોઝિટો અનેક ગણી વધારે છે. આ ગામડાઓની વસ્તીમાં મુખ્યત્વે કચ્છી પટેલો અને ખોજાઓ છે. જેઓના કોઈને કોઈ કુટુંબીઓ પરદેશમાં ખાસ કરીને કેન્યા, યુગાન્ડા, મોંઝાબિક, તાંજાનીયા દક્ષિણ આફ્રિકા તેમજ ઈન્ગલેન્ડ અને ઓસ્ટ્રેલિયામાં વસે છે જેઓ રકમો મોકલાવે છે. એક બેન્ક રીપોર્ટ પ્રમાણે કચ્છ જીલ્લાની ટોટલ બેન્ક ડિપોઝિટો અંદાઝે રૂા. ૨૪૩૫૩ કરોડ જેટલી થાય છે.

## અફવાની બજાર

થોડા મહિના પહેલા તેલંગાનાના ૩ જીલ્લા - વારંગલ, ખમ્મમ અને કરીમનગરના શહેરોની બંગડીઓની દુકાનોમાંનો બધોજ સ્ટોક એકજ દિવસમાં વેંચાઈ ગયો. ત્યાંના દુકાનદારોના કહેવા મુજબ બંગડીઓ ખરીદવા માટે તેમની દુકાન સામે મહિલાઓની લાંબી સર્પાકાર લાઈનો લાગી હતી અને બંગડીઓ ખરીદવા પડાપડી કરતા હતા. ધસારો એવો જબરદસ્ત હતો કે ગોડાઉનોમાં વરસોથી ન વેંચાતો માલ પણ તે દિવસે વેંચાઈ ગયો.

વારંગલના એક ગામડામાંથી વાત આવી કે ત્યાંની એક સ્થાનીય દેવીએ એવું ભાખેલ છે કે પોતાના પતિ અને પુત્રની કુશળતા માટે ‘યુગાદી’ પહેલા સ્ત્રીઓએ ૯ રંગની બંગડીઓ પહેરવી જરૂરી છે અને તે ન કરતા તેમનો સુહાગ જોખમમાં છે, પુત્રને કંઈ અશુભ થવાની શક્યતા છે. આ અફવા એવી જોરદાર હતી કે નાતજાત કે ધર્મના સિમાડા તોડી આગની જેમ તે મહિલાઓમાં ફેલાઈ ગઈ. બસ પછી શું કહેવું દુકાનદારોને ચાંદી થઈ ગઈ.

આ અફવા કોઈ તિક્કડમ બાજે ફેલાવી હતી કે પછી કોઈ બંગડીઓના દુકાનદારે તે ખબર ન પડી.

## સ્ટાઈલીસ સ્મશાન

બોલિવુડની ફિલ્મમાં મૃત્યુ એટલે કોઈ નદીના કિનારે સંધ્યા સમયે સફેદ કુર્તા પાયજામામાં ડાઘુઓ ચિતા ઉપર મૃત શરીરને અગ્નિદાહ દેતા દેખાય. ઈંદિરાગાંધીનાં દુઃખદ અવસાન પછી આવીજ રીતે તેમના પાર્થિવ શરીરને રાજીવગાંધી દ્વારા અગ્નિદાહ દેવામાં આવેલ. તે દ્રષ્ય કલાકોના કલાકો સુધી આપણે ટી.વી. ઉપર જોયેલ. **આપણા દેશના મોટા શહેરોમાં આવું કંઈ હોતું નથી.** સ્મશાનો ગંદકીભર્યા, વાતાવરણ પીડાદાયક તેમજ ઉદાસિન હોય છે. આ સરખામણીમાં ખ્રિસ્તીઓના કબ્રસ્તાન શાંત અને વાતાવરણ પણ પ્રસંગને અનુરૂપ હોય છે.

કોઈમ્બતુર, ઈરોડ અને સુરતમાં હાલમાં નવા સુંદર બાંધણીના આધુનિક સ્મશાનગૃહો ઉભા કરવામાં આવેલ છે. જે (ન લાભ ન નુકશાનના ધોરણે) મ્યુનિસીપાલ વતી પ્રાઈવેટ ચેરીટેબર ટ્રસ્ટ ચલાવી રહેલ છે. સ્મશાનગૃહ સાફ સુથરા, આજુબાજુ સુંદર બગીચા, હળવું સંગીત ભજન અને સાથે અગ્નીદાહ માટે ઈલેક્ટ્રીક ભઠ્ઠીનું આયોજન કરવામાં આવેલ છે. આ માટેના ચાર્જેસ પણ નોમિનલ રાખવામાં આવેલ છે.

**રમેશ એમ. શાહ** (ટાઈમ્સ ઑફ ઈન્ડીયાના રીપોર્ટ આધારે)

# RUDHAV BOUTIQUE



We are here with the latest designer Sarees, Gowns, Heavy Blouses with embroidery work & dresses like anarkali, Lenghas from upcoming catalogue and the net design, also take orders of sleeping kit for traveling, gents puja jodi's. We do have professional tailor for dress blouses and also for the gowns. Kurtis, Printed Leggings, Plain Leggings, Bandhani Dresses are also Available.



**WE ARE ALSO IN EVENT PLANNING**

**for details contact :**

**Madhuri Mahendra Heniya**

**Ph : 99516 45020**

(જા.ખ.)

# JAI MAHAVEER

*Seasons Greeting to all of you......*

We cater, our services to all your water proofing requirements with "Nano Technology Products" and expertise workers with efficient working system.

Besides, we carry out colouring and painting assignments to your flats, offices and other commercial establishments as per the need of the hour.

For Details Contact : **VARDHAMAN D. SHAH**

**NAMAN CONSTRUCTION SOLUTIONS,**

Opp. Patel Samajwadi, Lingampally, Basanth Theatre Road,

Kachiguda, Hyderabad - 500 027 Phone : 98853 41835

*"Always remember A Stitch in time saves nine"*

(જા.ખ.)



# ITS A QUIZ TIME
..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah
M : 94409 96652

## Answers to the last month quiz :

1) New York 2) Russia
3) Plumber 4) Tongue
5) Ladies Finger 6) Cheetah
7) Pineapple 8) Basket Ball
9) Dharmendra 10) Helicopter

The persons who have given correct answers are as follows (A to Z) Congratulations :

Akash M. Shah
Ashit Patel
Alpa D. Shah
Ankita Umesh Vora
Anand M. Shah
Aman Chetan Gala
Bhavini Hiren Haria
Bindu N. Nagda
Bijal Gaurav Gala
Bhoomika Laxmichand Chawla
Bhakti Rakesh Nagda
Bhavika Vora
Bharati K. Dharod
Bhumik Narendra Gada
Dheer Dharamshi
Devank D. Shah
Disha Kunal Nandu
Femi Gada
Geeta Hanskumar Shah
Hemali Kantilal Mota
Hetvee Ravi Gosar
Hemal Praveen Gala
Hiren Muljee Patel (Raju)
Jyoti Laxmichand Nagda
Kalpana D. Mehta
Khush Kailash Gada
Krathika Maru
Lisa Dhanesh Lodaya
Lata Manikant Momaya
Mayank Atul Gada
Mythri Chheda
Madhusudan Jesrani
Minal Jesrani
Moksh A. Shah
Mittal Nimesh Dedhia
Nita Jitendra Parekh
Neesha Gala
Nirali K. Shah
Prachi Mayur Visaria
Panna Paresh Seth
Preksha Gosar
Rashmi Rajesh Lodaya
Rupal Savla
Rakesh Nagda
Shradha Shreyas Shah
Seema Mehta
Surabhi Chandrakant Gala
Saurabh Nitin Gada
Sushma Shah
Smita D. Mamania
Shantilal M. Vora
Shilpa Lalka
Sonal P. Gosar
Tanushka Shah
Vasanti Shah
Vaishali Sanghoi
Vandana Rana
Vipul D. Savla
Yash Srenik Parekh

## QUIZ FOR THE MONTH

A very very interesting quiz.

Following is the number made by arranging match sticks. Your task is to pick up ONLY two sticks and reset in such a way to make largest number possible :-




Now start cracking. You can send your answer by Whatsapp, SMS to the above mobile number or send to KMM office in writing by end of this month.

## You are beautiful....we just compliment it!

**abha**
be gorgeous

BEAUTY & HAIR SERIVCES | SPA | TRAINING WORKSHOP

by ***Bhavini Patel***

Now at New & Spacious Space

- ✍ Bridal Mehendi
- ✍ Body Spa
- ✍ Ultrasonic Treatment
- ✍ Bridal HD Make-up
- ✍ Hair Spa & Treatment
- ✍ Foot & Hand Spa
- ✍ Bridal Packages
- ✍ Stone Theorpy

**Designer Mehendi & Grooming Classes**

3-4-58/2, Lingampally. Opp. Raghavendra Temple, Kachiguda,
Hyderabad - 500 027. Ph : 99081 83870 E-mail : bhavinipatel.abha@gmail.com
Monday to Saturday 11.00 am to 8.00 pm - Sunday Closed

(જા.ખ.)

## AVAILABLE ON RENT...

**A Hall approx 400 sft with Washroom facility is available on Rent for various Activity Classes, Workshops & Educational purposes on 2nd Floor.**

Timings : 7 am. to 9 pm
Address : "Matrukrupa", 4-4-884/2/2, Prembagh,
K.S. Lane, Sultan Bazar, Hyderabad
For Details Contact : 98855 80285, 93910 34398

(જા.ખ.)



## હરપલ મિઠાસ....

મિની સાટા, ગુંદરપાક, ફિણિયા લાડુ,
મોહનથાર, મગ દળિયા
ગોળના લાડુ (ગોળિયા)

❊ *Contact* ❊

*Rupal H. Savla - 81064 59594*





(જા.ખ.)


પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09

શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

## (માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમ્પ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫
સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫, પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂ. ૫૦/- માત્ર.

દર મહિનાના ત્રીજા રવિવારે શ્રી મેડચલ તીર્થ યાત્રા માટે પણ એક બસને વ્યવસ્થા છે. જેનો નકરો વ્યક્તી દિઠ રૂા. ૫૦/- માત્ર છે. તથા બસના લાભાર્થીનો નકરો રૂા. ૫૧૦૦/- છે. શ્રી સંઘને શ્રી મેડચલ તીર્થ યાત્રા માટે કાયમી સંઘપતીની આવશ્યક્તા છે. જેનો નકરો રૂા. ૭,૫૧,૦૦૦/- ફીક્સ ડિપોઝીટના વ્યાજમાંથી શ્રી મેડચલ તીર્થ યાત્રાનો સંચાલન થશે. વક્તોવક્ત શ્રી નવગ્રહ મંદીરનો પણ આયોજન થશે જેની જાહેરાત એ મુજબ કરવામાં આવશે.

શ્રી સંઘના સુચારૂ સંચાલન માટે સાધારણ ફંડમાં વધારો કરવો જરૂરી હતો એના અનુસંધાનમાં રૂા. ૧૧૧૧/- ના સંકલ્પ અનુદાનપત્ર વિતરણ માટે બાહર પાડવામાં આવેલ એ રકમ પણ ફીક્સ ડિપોઝીટમાં રાખી એના આવતા વ્યાજમાંથી શ્રી સંઘનો સંચાલન કરવામાં આવે છે. પહેલા વર્ષે વિતરીત થયેલ અનુદાન પત્રોમાંથી લકી ડીપ કાઢવામાં આવેલ અને ભાગ્યશાલી દાતા પરિવાર માતુશ્રી વિમલાબેન મગનલાલ ભેદા બન્યા. સંઘના અભીવચન મુજબ એમનો નામ શ્રી સંઘ સાથે જોડવામાં આવેલ. પાછલા થોડા સમયથી મુદ્રણ ભુલના કારણે આ પરિવારનું નામ પ્રીંટ થતો નથી માટે શ્રી સંઘ ક્ષમા પ્રાર્થી છે.

ઑગસ્ટ ૨૦૧૫ ના આયોજીત શ્રી પેદતુમ્બલમ તીર્થ યાત્રા માટે વેલી તકે નામો નોંધાવશો જેથી વ્યવસ્થા જાળવામાં સુલભતા રહે.

ડિસેમ્બર ૨૦૧૫ માં આયોજીત પાલીતાણા, ગીરનાર, કચ્છ તીર્થ યાત્રામાં નામો નોંધવાની છેલ્લી તા. ૩૧ જુલૈ ૨૦૧૫ છે. એની નોંધ લઈ ઊતાવળ કરવી અત્યંત જરૂરી છે.

**"VISON 2020"** : મુજબ સાલ ૨૦૨૦ સુધી શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘનો એક અત્યાધુનિક અતિથી ગૃહ વિચારાધીન છે. જેમાં અતિથીગૃહ, ભોજનશાલા, પાઠશાલા, વાચનાલય, ઉપાશ્રય આદી એક ન અનેક સુવિધા રહેશે. શ્રી સંઘના આ સપનાને સાકાર કરવા આપશ્રીનું યોગદાન આવશ્યક છે. માટે આપશ્રીના સુઝાવ તથા સેવાઓ માટે આગળ આવવા ખાસ આગ્રહભરી વિનંતી છે.

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાલ ગાલા,** ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ

હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર (જૈ.મં.)